# બં. અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે યોજાયેલ “રક્તદાન શિબિર”

ભારતમાં દર વર્ષે અંદાજે દોઢ કરોડ જેટલાં લોહીના યુનિટ જરૂર પડે છે અને દર વર્ષે ૧૦ લાખ જેટલાં લોહીના યુનિટની તીવ્ર અછત સર્જાતી હોય છે. આ માટે યુવાનોમાં રક્તદાન વિશે જાગૃતતા લાવવાના હેતુસર બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ દ્વારા તા. ૦૮/૧૨/૨૦૨૩ના રોજ “રક્તદાન શિબિર”નું આયોજન એચ.ડી.એફ.સી. બેંક (આણંદ) અને લાયન્સ ક્લબ (આણંદ)ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલ. કોલેજના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. વાય. એમ. શુક્લએ વિદ્યાર્થીઓને રક્તદાનની જરૂરિયાત વિશે જણાવી એક વ્યક્તિ દ્વારા થયેલ રક્તદાન કેવી રીતે અન્ય ત્રણ વ્યક્તિઓ માટે આશીર્વાદરૂપ બની શકે તે જણાવ્યું હતું અને વિદ્યાર્થીઓને વધુમાં વધુ રક્તદાન કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, આણંદના પ્રતિનિધિ તેમજ મેડીકલ ઓફિસર ડૉ. કે. કે. સોનીએ વિદ્યાર્થીઓને રક્તદાન સંબધી વૈજ્ઞાનિક માહિતી આપી હતી અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ચાલવવામાં આવતાં વિવિધ પ્રોગ્રામ વિશે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લઇ મોટી સંખ્યામાં રક્તદાન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. સહદેવ લુહાર, એસ.આર.સી. ચેરમેન ડૉ. એન. એમ. ગોહેલ, એન.સી.સી. ઓફિસર (બોય્ઝ) ડૉ. આકાશ મિશ્રા, અને એન.સી.સી. ઓફિસર (ગર્લ્સ) ડૉ. રુચા દવે દ્વારા કરવામાં આવ્યું હતું.







ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી
આણંદ જીલ્લા શાખા
Save a life
Give Blood
આપ સૌનું હાર્દિક સ્વાગત કરી,
રક્તદાતાઓનું અભિવાદન કરે છે.
Give blood
સરદાર ભવન, નગરપાલિકા સામે, સરદાર ગંજ રોડ, આણંદ
ફોન: